Extra No. 427

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, DECEMBER 4, 2025 / AGRAHAYANA 13, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

- પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં.૧૦૦/સીબી-૪/વશી/૧૯૧૦/૨૦૨૫ તા.૨૮/૧૧/૨૦૨૫

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/ ૧૫૭૮૭ થી ૧૫૮૫૧/૨૦૨૫.-પોલીસ હેડ ક્વાર્ટર, પાટણએ વર્ષ-૨૦૨૫ના વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ માટે સાંતલપુર તાલુકાના એવાલ બટ ખાતે તા.૦૫/૧૨/૨૦૨૫ થી તા.૨૫/૧૨/૨૦૨૫ના સુધી દિન-૨૧ માટે મંજૂરી આપવા અંગે જા.નં.૨૭૦૩/૨૫ તા.૨૪/૧૧/૨૦૨૫થી કરેલ રીપોર્ટ અન્વયે, આ સમયગાળા દરમ્યાન એવાલ ફાયરીંગ બટ વિસ્તારમાં માણસ, પાલતુ જાનવર પ્રવેશ કરે નહી અને કોઈ અકસ્માત સર્જાય નહી તે હેતુથી સાવચેતીના ભાગરૂપે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, પાટણએ વંચાણે લીધેલા પત્રથી અત્રે દરખાસ્ત મોકલી આપેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પાટણની સદરહું દરખાસ્ત અન્વયે અત્રેના સાંતલપુર તાલુકાના એવાલ ફાયરીંગ બટની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં કોઈપણ માણસ, પાલતુ જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઈ ફરમાવવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું વી.સી.બોડાણા(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ મુજબ મને મળેલ સત્તાની રૂએ સાંતલપુર તાલુકાના એવાલ ફાયરીંગ બટની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તા.૦૫/૧૨/૨૦૨૫ થી તા.૨૫/૧૨/૨૦૨૫ના સુધી દિન-૨૧ માટે કોઈપણ માણસ, પાલતુ જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઈ ફરમાવું છું.

હું એવો પણ આદેશ કરું છું કે આ હુકમ ઉક્ત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોટાડીને સદરહું વિસ્તારમાં લાઉડ સ્પીકર વાન મારફતે તેની જાહેરાત કરવી. જે વિસ્તારમાં ફાયરીંગ કરવામાં આવનાર છે તે વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડની હદ નક્કી કરી જાહેર જનતાની જાણ માટે સહેલાઈથી દેખાઈ આવે તે રીતે પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશવાની મનાઈ માટેના બોર્ડ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી દ્વારા મુકવાના રહેશે.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર

થશે. આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ: ૦૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

વી.સી.બોડાણા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

વંચાણમાં લીધું :-

૧. અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:એમએજી(૧)/વશી/૧૪૭૦૩ થી ૧૪૭૬૭/૨૦૨૫ તા.૧૪/૧૧/૨૦૨૫

૨. પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં.LIB/જાહેરનામું/૩૬૩૦/૨૦૨૫ તા.૧૭/૧૧/૨૦૨૫

-:: સુધારા હુકમ ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનુ જાહેરનામાનો :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/ ૧૫૨૩૩ થી ૧૫૨૯૭/૨૦૨૫.-આમુખ(૧)ના જાહેરનામાંથી પાટણ જીલ્લામાં કોઈ પણ ઈસમ/ ગેરેજ સંચાલકો/ ઓટો કન્સલ્ટના સંચાલકો જ્યારે જુના વાહનોના ખરીદ-વેચાણ કરે તો જે તે ગ્રાહકનું પુરેપુરૂ નામ સરનામું તથા આઈડી પ્રુફ ફરજીયાત મેળવવા તથા આ અંગે જરૂરી માહિતી નિયત નમુનાના રજીસ્ટરમાં નિભાવવા અને તેની જાણ સંબધીત પોલિસ સ્ટેશન ખાતે કરવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. જે જાહેરનામાથી પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવેલ હતાં.

પોલીસ અધિક્ષકશ્રી, પાટણે આમુખ(૨)થી અત્રે દરખાસ્ત કરી આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ફરીયાદ માંડવા માટે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલિસ અધિકારીને કાર્યવાહી કરવાની સત્તા મળે તે માટે હુકમ થવા વિન્નતી કરેલ છે.

સબબ, ઉકત વિગતો ધ્યાને લેતાં અત્રેના આમુખ (૧)ના જાહેરનામામાં "પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે." તેના બદલે "પાટણ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે." તેમ વાંચવા સુધારા હુકમ કરવામાં આવે છે.

અત્રેના તા.૧૪/૧૧/૨૦૨૫ના આમુખ(૧)ના જાહેરનામાની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

વી.સી.બોડાણા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

વંચાણમાં લીધું :-

- પોલીસ અધીક્ષકશ્રી પાટણના પત્ર નં.LIB / જાહેરનામું/૧૨૩૧/૨૦૨૫ તા.૦૧/૧૨/૨૦૨૫

જાહેરનામુ

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક. એમએજી(૧)/વશી/ ૧૫૮૯૮ થી ૧૫૯૬૨/૨૦૨૫.-સરકારના "નશામુક્ત ગુજરાત અભિયાન" હેઠળ વિવિધ સરકારી સંસ્થાઓ તેમજ પોલીસ વિભાગ દ્વારા યુવાનો તેમજ નાગરીકો નશીલા પદાર્થોના સેવનથી દુર રહે તે માટે તેમજ આવા નશીલા પદાર્થોની હેરાફેરી

કરતા ઇસમો વિરૂધ્ધ વિવિધ પ્રકારની સંકલિત કાર્યવાહી કરી તેના વેચાણ અને સેવનના પ્રચાર-પ્રસારને અટકાવવા સારૂ પગલા લેવા ખુબજ જરૂરી છે. હાલમાં સોશિયલ મિડીયા પ્લેટફોર્મ, ઓનલાઈન શોપીંગ પ્લેટફોર્મ (એમેઝોન, ફલીપકાર્ટ, સ્નેપડીલ વિગેરે) એન્ટી ડ્રગ્સ એન.જી.ઓ તથા એન.ડી. પી.એસ. કાયદા હેઠળની તપાસ દરમ્યાન તથા સામાન્ય જનતાના માધ્યમથી એવી હકીકત પ્રકાશમાં આવેલ છે કે, પાટણ જીલ્લાના શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં યુવાનો અને સગીરો દ્વારા વિવિધ પ્રકારના ડ્રગ્સ (ચરસ, ગાંજો, હાઈબીડ ગાંજો વિગેરે)ના સેવન કરવા સરળ બને તે માટે રોલીંગ પેપર્સ, ગોગો સ્મોકીંગ કોન અને પરફેકટ રોલના ઉપયોગનું ચલણ વધવા પામેલ છે. આ રોલીંગ પેપર અને ગોગો સ્મોકીંગ કોનનો ઉપયોગ સામાન્ય રીતે તમાકુના સેવન માટે થાય છે. પરંતુ હાલના સમયમાં લોકો તેનો ઉપયોગ ચરસ, ગાંજા અને હાઈબ્રીડ જેવા નશીલા પદાર્થોના વહન કરવા, છુપાવવા અને સેવન કરવા માટે સરળ રહે તે માટે ઉપયોગ કરે છે. આમ આ ગોગો સ્મોકીંગ કોન/સ્ટીક અને રોલ પેપર નશીલા પદાર્થોના સેવન કરવા માટે સરળ બની જતા હોવાથી DRUGS, ABUSE અને FECILITATE કરે છે. આ સામગ્રીઓની બનાવટમાં ટાઈટેનિયમ ઓકસાઈડ, પોટેશિયમ નાઈટ્રેટ, કૃત્રિમ રંગો, કેલ્શિયમ કાર્બોનેટ અને કલોરીન બ્લીચ જેવા ઝેરી પદાર્થોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. જે માનવ સ્વાસ્થ્ય માટે પણ અત્યંત હાનિકારક છે. આ રોલીંગ પેપર્સ, ગોગો સ્મોકીંગ કોન, અને પરફેકટ રોલ વિગેરે પાન-મસાલાના પાર્લરો, કરીયાણાની દુકાનો અને ચાની લારી જેવા જાહેર સ્થળોએ સરળતાથી વેચાણ થઇ રહેલ છે. જેના કારણે યુવાનો અને સગીરો માટે સરળતાથી ઉપલબ્ધ બને છે. આના કારણે યુવાનો અને સગીરો ડ્રગ્સના વ્યસની બની રહેલ છે જેથી ડ્રગ્સ સાથે સંકળાયેલ યુવાનો ગંભીર પ્રકારની ગુનાહીત પ્રવૃત્તિમાં વધારો કરવાની પુરેપુરી શક્યતાઓને નકારી શકાય નહીં. આવા ડ્રગ્સના સેવન કરનાર વ્યક્તિઓ માટે અને જાહેર જનતા માટે ગંભીર ખતરારૂપ છે. આવા સંજોગોમાં જાહેર જનતાની સુખાકારી અને સલામતિની સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા અતિ આવશ્યક હોઈ જેથી સમગ્ર પાટણ જિલ્લામાં રોલીંગ પેપર્સ, ગોગો સ્મોકીંગ કોન, અને પરફેકટ રોલનો ઉપયોગ અટકાવવા માટે કોઈપણ જાહેર કે ખાનગી સ્થળોએ તેનો સંગ્રહ, પરીવહન, કે વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા સદર જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વયવસ્થાની જાળવણી હેતુસર જાહેર હિતમાં કેટલાક જરૂરી પ્રતિબંધ મુકવા પાટણ જિલ્લાના તમામ શહેરી/ગ્રામ્ય વિસ્તાર માટે જાહેરનામું બહાર પાડવા પોલીસ અધીક્ષકશ્રી પાટણએ આમુખ-૧ થી અત્રે દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉપરોક્ત વિગતે પોલીસ અધિક્ષકશ્રી, પાટણ તરફથી રજૂ થયેલ અહેવાલની વિગતે પાટણ જિલ્લામાં રોલીંગ પેપર્સ, ગોગો સ્મોકીંગ કોન અને પરફેકટ રોલનો ઉપયોગ અટકાવવા માટે કોઈપણ જાહેર કે ખાનગી સ્થળોએ તેનો સંગ્રહ, પરીવહન કે વેચાણ ઉપર પ્રતિબંધ મુકવો અતિ આવશ્યક હોઇ તે માટે નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવું વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું વી.સી.બોડાણા(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ - ૧૬૩(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે, સમગ્ર પાટણ જિલ્લામાં કોઈ પણ જાહેર કે ખાનગી સ્થળોએ રોલીંગ પેપર્સ, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલનો સંગ્રહ, પરીવહન કે વેચાણ કરવુ નહીં.

:: અમલવારીનો સમયગાળો ::

આ જાહેરનામું જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે..

-:: શિક્ષા ::-

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી નીચેના ન હોય તેવા તમામ પોલીસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૦૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

વી.સી.બોડાણા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.06 11:14:36 IST